# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

## અખબારી યાદી

## ગુજરાત કોમન એન્ટરન્સ ટેસ્ટ (ગુજકેટ) ૨૩ એપ્રિલ - ૨૦૧૮ માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની અખબારી યાદી જણાવે છે કે બોર્ડ દ્વારા ડિગ્રી એન્જિનીયરીંગ, ડિગ્રી/ડિપ્લોમા ફાર્મસી અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા માટે લેવામાં આવનાર ગુજરાત કોમન એન્ટરન્સ ટેસ્ટ (ગુજકેટ) ૨૩ એપ્રિલ-૨૦૧૮ ના રોજ યોજવામાં આવનાર છે. આ માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવાનું નક્કી કરવામાં આવેલ છે. જે માટે શાળાઓ અને ઉમેદવારોએ નીચેની બાબતો ધ્યાનમાં લેવી.

1. માહિતી પુસ્તિકા અને પીન નંબર (User ID – Password) રાજ્ય ભરમાં નક્કી કરાયેલ ૪૨ વિતરણ કેન્દ્રો પરથી તા.૨૩/૦૩/૨૦૧૮ ના રોજ ઉમેદવાર દીઠ પરીક્ષા ફી રૂ.૩૦૦/- નો રાષ્ટ્રીયકૃત બેંકનો અમદાવાદ ખાતે ચૂકવવાપાત્ર "સચિવશ્રી, ગુજરાત કોમન એન્ટરન્સ ટેસ્ટ સેલ, ગાંધીનગર" ના નામનો ડી.ડી. આપવાથી મળી શકશે.

   આ ઉપરાંત ગાંધીનગર, વડોદરા બોર્ડની કચેરી ખાતે તથા ટી.એન્ડ ટી.વી હાઈસ્કૂલ, નાનપુરા, સુરત અને એસ.જી.ધોળકીયા હાઈસ્કૂલ, રાજકોટ ખાતેથી તા.૨૩/૦૩/૨૦૧૮ થી તા.૦૬/૦૪/૨૦૧૮ દરમ્યાન માહિતી પુસ્તિકા અને પીન નંબર મેળવી શકશે.

2. માહિતી પુસ્તિકા અને પીન નંબર (User ID – Password) વિતરણ કેન્દ્રની યાદી બોર્ડની વેબસાઈટ www.gseb.org ઉપર મૂકવામાં આવેલ છે.
3. વિજ્ઞાનપ્રવાહ ધરાવતી શાળાઓએ તેમની શાળાના તમામ ઉમેદવારોનો પરીક્ષા ફીનો સંયુક્ત ડી.ડી. કઢાવીને પણ માહિતી પુસ્તિકા અને પીન નંબર (User ID – Password) મેળવી શકશો.
4. User ID – Password નો ઉપયોગ કરી વેબસાઈટ **www.gseb.org** અથવા **gujcet.gseb.org** પર લોગ-ઈન કરી ગુજકેટ-૨૦૧૮ નું રજીસ્ટ્રેશન કરાવી શકશે. (ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવું ફરજીયાત છે.) તા.૨૩/૦૩/૨૦૧૮ થી તા.૦૭/૦૪/૨૦૧૮ દરમ્યાન ઓનલાઈન થઈ શકશે.
5. ઉમેદવારે ફોટો અને હસ્તાક્ષર પણ અપલોડ કરવાના રહેશે.
6. ઓનલાઈન રજીસ્ટ્રેશનમાં E-Mail ID/મોબાઈલ નંબરની વિગતો પણ ફરજીયાત ભરવાની રહેશે.

પરીક્ષા સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચત્તર માધ્યમિકશિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

તારીખ :૧૩/૦૩/૨૦૧૮
સ્થળ : ગાંધીનગર

નકલ રવાના :-

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
આપના જિલ્લાની તમામ માન્ય વિજ્ઞાન પ્રવાહ ધરાવતી ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓને જાણ કરવા તથા અમલ કરવા સારૂ.

# ગુજકેટ આવેદનપત્ર ભરવાની પુસ્તિકા/પીન મેઈલર વિતરણ કેન્દ્રો

## ગુજકેટ-૨૦૧૮

| ક્રમ | વિતરણ સ્થળ | જિલ્લાનું નામ | ક્રમ | વિતરણ સ્થળ | જિલ્લાનું નામ |
|---|---|---|---|---|---|
| ૧ | દિવાન બલ્લુભાઈ હાઈસ્કૂલ, પાલડી | અમદાવાદ | ૨૪ | જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી | દાહોદ |
| ૨ | શ્રીજી વિદ્યાલય, બાપુનગર | અમદાવાદ | ૨૫ | જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી | ડાંગ-આહવા |
| ૩ | ગવર્મેન્ટ ગર્લ્સ હાઈસ્કૂલ, રાયખડ | અમદાવાદ | ૨૬ | શ્રી કરણસિંહજી હાઈસ્કૂલ | રાજકોટ |
| ૪ | શ્રી.સી.એન.વિદ્યાલય. | અમદાવાદ | ૨૭ | શ્રી જી.ટી.શેઠ ગર્લ્સ હાઈસ્કૂલ | રાજકોટ |
| ૫ | પ્રણામ વિદ્યાલય, સરખેજ | અમદાવાદ | ૨૮ | શ્રી નંદકુવરબા ક્ષત્રિય કન્યા વિદ્યાલય | ભાવનગર |
| ૬ | જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી. | ગાંધીનગર | ૨૯ | શ્રી નવાનગર હાઈસ્કૂલ | જામનગર |
| ૭ | ધ ન્યુ પ્રોગ્રેસિવ હાઈસ્કૂલ. | મહેસાણા | ૩૦ | શેઠ એન.ટી.એમ.હાઈસ્કૂલ | સુરેન્દ્રનગર |
| ૮ | શ્રી વી.કે.ભુલા હાઈસ્કૂલ. | પાટણ | ૩૧ | કમાણી ફોરવર્ડ હાઈસ્કૂલ | અમરેલી |
| ૯ | શ્રી વિવિધલક્ષી વિદ્યામંદિર | પાલનપુર | ૩૨ | ન્યુ બેસ્ટ હાઈસ્કૂલ. | જુનાગઢ |
| ૧૦ | શ્રી હિંમત હાઈસ્કૂલ | હિંમતનગર | ૩૩ | શ્રી એમ.પી.ગર્લ્સ હાઈસ્કૂલ | વેરાવળ |
| ૧૧ | શ્રી બાસુંદીવાલા પબ્લીક સ્કૂલ | નડિયાદ | ૩૪ | ભાવસિંહજી હાઈસ્કૂલ | પોરબંદર |
| ૧૨ | જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી | આણંદ | ૩૫ | શ્રી ઈન્દ્રાબાઈ ગર્લ્સ હાઈસ્કૂલ | ભૂજ |
| ૧૩ | શ્રી નવજીવન હાઈસ્કૂલ. | વડોદરા | ૩૬ | જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી. | વ્યારા |
| ૧૪ | શ્રી શારદા મંદિર હાઈસ્કૂલ | વડોદરા | ૩૭ | વી.સી.ટેકનીકલ હાઈસ્કૂલ | મોરબી |
| ૧૫ | શ્રી એમ.કે.હાઈસ્કૂલ | વડોદરા | ૩૮ | ગવર્મેન્ટ સેકન્ડરી સ્કૂલ. | બોટાદ |
| ૧૬ | સ્વામી વિવેકાનંદ હાઈસ્કૂલ (કારેલીબાગ) | વડોદરા | ૩૯ | એસ.એલ.પટેલ સરસ્વતી હાઈસ્કૂલ | મોડાસા |
| ૧૭ | જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી | ભરૂચ | ૪૦ | પંચશીલ હાઈસ્કૂલ | લુણાવાડા |
| ૧૮ | ગવર્મેન્ટ હાયર સેકન્ડરી સ્કૂલ | રાજપીપળા | ૪૧ | એસ.એફ.હાઈસ્કૂલ | છોટા ઉદેપુર |
| ૧૯ | જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી | વલસાડ | ૪૨ | જી.વી.જે.હાઈસ્કૂલ. | જામ ખંભાળીયા |
| ૨૦ | નગરપાલિકા હાઈસ્કૂલ | નવસારી | ૪૩ | શ્રી ટી એન્ડ ટી.વી.હાઈસ્કૂલ | સુરત |
| ૨૧ | સર વી.ડી.ટી. ગર્લ્સ હાઈસ્કૂલ | સુરત | ૪૪ | શ્રી એસ.જી.ધોળકીયા હાઈસ્કૂલ | રાજકોટ |
| ૨૨ | શ્રીમતી લીલાબા કન્યા વિદ્યાલય | સુરત | ૪૫ | ગુ.મા.અને ઉ.મા. શિક્ષણ બોર્ડ | ગાંધીનગર |
| ૨૩ | તેલંગ હાઈસ્કૂલ | ગોધરા | ૪૬ | ગુ.મા.અને ઉ.મા. શિક્ષણ બોર્ડ | વડોદરા |